‘એક્ટર બનવાનો પ્લાન નહોતો, લાઈફે જ સ્ક્રિપ્ટ લખી!

વિજય રાઝ

વિજય રાઝ હિન્દી સિનેમાના એક અત્યંત લોકપ્રિય અને અદ્ભુત અભિનેતા છે, જેઓ પોતાની અસંદિગ્ધ અદાકારી અને અનોખી અવાજની શૈલી માટે જાણીતા છે. તેમણે પોતાની કારકિર્દીમાં અનેક યાદગાર પાત્રો ભજવ્યા છે.

થિયેટર સાથે એવો તો શું પ્રેમ થઈ ગયો કે ભણવાનું પણ ભુલાઈ ગયું?

થિયેટર એટલે માત્ર ડાયલોગ ફેંકવા નહીં ભાઈ! એમાં તમે અસલ માણસોને મળો, એમના ઈમોશન્સને જીવો અને પોતાની જાતને એક્સપ્લોર કરો. એ દુનિયા જ એટલી મેજિકલ હતી કે એણે મને પોતાની તરફ ખેંચી લીધો. હું બસ થિયેટર વિશે જ વિચાર્યા કરતો. કદાચ એ જ ટાઈમ હતો જ્યારે અંદરનો અસલ એક્ટર જન્મ લઈ રહ્યો હતો.

કોમેડી કરવી ઇઝી લાગે છે કે કોઇ પાવરફુલ સિરિયસ કેરેક્ટર?

બંનેના પોતપોતાના અઘરા પડકારો છે. કોમેડીમાં ટાઈમિંગ એ જ બધું છે એક સેકન્ડનો પણ ફરક પડે તો પંચ ફ્લોપ થઈ જાય! અને સિરિયસ રોલમાં તમારે અંદરથી એ માણસની પીડા કે મગજમાં ઘૂસવું પડે. એટલે હું બંનેને સમાન રીતે સીરિયસલી લઉં છું.

‘કૌવા બિરયાની’ જેવા સીન્સ વર્ષો વીતી ગયા છતાં લોકોના દિલમાં ફિટ છે, કેવું ફીલ થાય છે?

આ જ તો એક આર્ટિસ્ટની અસલી કમાણી છે! તમે કોઈ મૂવી બનાવો ત્યારે ખબર નથી હોતી કે કયો સીન કલ્ટ બની જશે. ક્યારેક તમે એકદમ નાનો સીન કરો છો અને વર્ષો પછી પણ લોકો એનાથી જ તમને ઓળખે છે. આ પબ્લિકનો પ્રેમ છે અને એની કોઈ સરખામણી જ નથી.

લાઈફનો સૌથી મોટો ટર્નિંગ પોઈન્ટ કયો– થિયેટર કે ફિલ્મોમાં એન્ટ્રી?

મારા માટે થિયેટર જ સૌથી મોટો ગેમ-ચેન્જર હતો. ફિલ્મોમાં આવવું તો એનું નેચરલ આઉટકમ હતું. થિયેટરે જ મને એક્ટિંગ તરફ ધકેલ્યો અને રસ્તો દેખાડ્યો. જો એ 19 વર્ષની ઉંમરે એ લોકો ન મળ્યા હોત, તો આજે હું ક્યાંક અલગ જ ફિલ્ડમાં હોત!

બોલિવૂડમાં OTTના આગમન પછી એક્ટરો માટે ગેમ કેટલી બદલાઈ છે?

બહુ મોટો ચેન્જ આવ્યો છે બોસ! OTTએ એવા કેરેક્ટર્સ અને વાર્તાઓને પ્લેટફોર્મ આપ્યું છે જે પહેલાં ક્યારેય મેઈનસ્ટ્રીમમાં ટકી ન શકતી. હવે એક્ટર એટલે માત્ર ટિપિકલ હીરો કે વિલન નહીં, પણ અલગ-અલગ શેડ્સ અને વાસ્તવિક પાત્રો માટે પણ ભરપૂર સ્પેસ બની ગઈ છે.

તમારા માટે શું વધારે વેલ્યુ રાખે છે–‘સ્ટારડમ’ કે ‘આર્ટિસ્ટ’ બનવું?

મારા માટે 100% આર્ટિસ્ટ બનવું જ મેઈન છે. સ્ટારડમ તો બહારની ગ્લેમરસ દુનિયા છે નામ થાય, પૈસા મળે, લોકો સેલ્ફી લેવા દોડે, પણ આર્ટ એવી ચીજ છે જેમાં તમે દુનિયા ભૂલીને ખોવાઈ જાઓ છો. જેમ કે કોઈ મસ્ત મ્યુઝિક વાગતું હોય અને તમે ક્યાંક અલગ જ ઝોનમાં જતા રહો છો ને? બસ, એ જ અસલ કલા છે.

શો બાઝ

ક્યારેય એવું થયું કે ચલો હવે થોડી ફેમ પાછળ ભાગીએ?

ના ભાઈ, ક્યારેય ફેમ કે પૈસાને ટાર્ગેટ કરીને કામ નથી કર્યું. હા, ભગવાનની દયાથી બંને મળ્યાં, એટલે લકી ફીલ કરું છું. પણ જો શરૂઆતથી જ તમારો ગોલ ખાલી ફેમનો હશે, તો તમે આર્ટ સાથે પક્કા બેઈમાની કરી બેસશો. મારું ફોકસ હંમેશાં પ્યોરલી કામ પર જ રહ્યું છે.

જો આજે પાછા 19 વર્ષના વિજય રાજ બની જાવ, તો લાઈફમાં શું બદલાવ લાવશો?

કદાચ એ જ જૂની ભૂલો ફરીથી કરીશ! કારણ કે એ ભૂલો અને ધક્કાઓએ જ મને અહીં સુધી પહોંચાડ્યો છે. પાછળ વળીને જોઈએ ત્યારે બધું બહુ ક્લિયર દેખાય, પણ જીવતી વખતે કશું ક્લિયર નથી હોતું. દરેક એજ પર માણસ પોતાની સમજ પ્રમાણે બેસ્ટ નિર્ણય જ લેતો હોય છે.

જો તમારી આખી સફર પર કોઈ મૂવી બને, તો એનું ટાઇટલ શું રાખશો?

કદાચ ‘એક્સિડેન્ટલ જર્ની’! કારણ કે મેં ક્યારેય પ્લાનિંગ કરીને એક્ટર બનવાનું વિચાર્યું જ નહોતું. એકાઉન્ટન્ટની જોબથી શરૂઆત કરી, અલગ-અલગ કામ કર્યા, થિયેટર મળ્યું, કોલેજમાં ફેલ થયો અને છેલ્લે ફિલ્મોમાં આવી ગયો. સ્ક્રિપ્ટ મેં નહીં, ખુદ જિંદગી એ લખી છે!

આજના યંગ એક્ટર્સ શું એક સોલિડ સલાહ આપશો?

ફેમ પાછળ ભાગવાનું બંધ કરો અને કામ પર ફોકસ કરો. તમારું કામ બોલવું જોઈએ! સોશિયલ મીડિયા પર કેટલા ફોલોઅર્સ છે એના કરતાં તમે પાત્રને કેટલું ઓરિજિનલ જીવો છો એ મોટું છે. એક્ટિંગ દેખાડાની વસ્તુ નથી, જીવવાની વસ્તુ છે.

છેલ્લે, જો વિજય રાજને પોતાની જૂની જિંદગીનો કોઇ એક સીન ફરીથી રિવાઇન્ડ કરીને જીવવાનો મોકો મળે, તો કયો સીન પસંદ કરશો?

કદાચ એ સમય જ્યારે હું પહેલીવાર પેલા થિયેટરવાળા મિત્રોને મળ્યો હતો. એ મોમેન્ટ બહારથી બહુ સિમ્પલ હતી, પણ એણે મારી આખી લાઈફનો ટ્રેક બદલી નાખ્યો. ત્યારે ખબર પણ નહોતી કે આ નાની મુલાકાત મને ક્યાં લઈને જવાની છે. આજે સમજાય છે કે કેટલીક મુલાકાતો માત્ર મુલાકાત નથી હોતી–એ આખી જિંદગીની વાઈબ જ ચેન્જ કરી નાખે છે! ●

હવે ઓફિસમાં ‘ગર્લબોસ’ બનવાનો ટાઈમ!

કોલેજનું છેલ્લું વર્ષ પૂરું થાય એટલે ડિગ્રી હાથમાં આવી જાય, ફ્રેંડ્સ સાથેની મસ્તી યાદ બની જાય અને પછી શરૂ થાય અસલી ટેન્શન “હવે પહેરવાનું શું?” કારણ કે કોલેજમાં જે ઓવરસાઇઝ ટી-શર્ટ, જીન્સ અને સ્નીકર્સમાં તમે એકદમ કૂલ લાગતા હો, એ જ લુક પહેરીને પહેલી કોર્પોરેટ મીટિંગમાં જશો તો કદાચ બોસ તમને ‘કેઝ્યુઅલ’ કહીને ઘરે મોકલી દે! બસ, આજની જનરેશનની આ જ નાની-મોટી મુશ્કેલીને મજેદાર અંદાજમાં રજૂ કરે છે ‘We Got You Girl’નું પહેલો એપિસોડ ‘DU Girlie to Corporate Girlie’.

Amazon MX Player પર સ્ટ્રીમ થઈ રહેલા આ શોમાં બરખા સિંહ અને આયશા અહેમદ હોસ્ટ તરીકે જોવા મળે છે. સાથે પર્સનાલિટી અને એટિકેટ કોચ મણિક કૌર પણ છે, જે માત્ર લુક નહીં પરંતુ આત્મવિશ્વાસ અને વર્તન પર પણ કામ કરાવે છે. એટલે આને માત્ર મેકઓવર શો સમજવાની ભૂલ ન કરવી. અહીં વાત છે આખી પર્સનાલિટી અપગ્રેડ કરવાની.

પહેલા એપિસોડની હિરોઇન છે ઈશાંજલી. IIM બેંગલુરુમાંથી અભ્યાસ પૂરો કર્યા બાદ તેને પહેલી કોર્પોરેટ નોકરી મળી છે. હવે કોલેજ લાઇફમાંથી સીધી ઓફિસ લાઇફમાં એન્ટ્રી મારવાની છે એટલે પ્રશ્ન છે ડિગ્રી તો છે, ટેલેન્ટ પણ છે, પરંતુ હવે દેખાવ અને આત્મવિશ્વાસ પણ એ લેવલનો છે કે નહીં?

આ જ જગ્યાએ બરખા અને આયશા તેની મદદે આવે છે. ઈશાંજલીના લુકને

હવે કોલેજ લાઇફમાંથી સીધી ઓફિસ લાઇફમાં એન્ટ્રી મારવાની છે એટલે પ્રશ્ન છે ડિગ્રી તો છે, ટેલેન્ટ પણ છે, પરંતુ હવે દેખાવ અને આત્મવિશ્વાસ પણ એ લેવલનો છે કે નહીં?

વધુ કોર્પોરેટ, સ્ટાઇલિશ અને પ્રોફેશનલ બનાવવામાં આવે છે. પરંતુ મજાની વાત એ છે કે મેકઓવર માત્ર કપડાં બદલવા સુધી અટકતું નથી. તેની બોડી લેંગ્વેજ, વાતચીત કરવાની રીત, સોશિયલ એટિકેટ અને પોતાને પ્રેઝન્ટ કરવાની સ્ટાઇલ પર પણ ધ્યાન આપવામાં આવે છે. લગભગ 32 મિનિટના આ એપિસોડમાં એક સામાન્ય ‘કોલેજ ગર્લ’ કેવી રીતે પોતાની નવી પ્રોફેશનલ ઓળખ તરફ આગળ વધે છે, એ જોવા મળે છે.

ફી વોચ

આ શોની સૌથી ખાસ વાત એ છે કે આજની યુવતીઓ જે પ્રકારના જીવનના બદલાવમાંથી પસાર થાય છે, તેને ખૂબ રિલેટેબલ રીતે બતાવવામાં આવ્યો છે. નવી નોકરી હોય, કોઈ મોટું સપનું હોય કે જીવનનો નવો ચેપ્ટર બહારથી ગ્લો-અપ કરવો જેટલો જરૂરી છે, એટલો જ અંદરથી કોન્ફિડન્ટ બનવું પણ જરૂરી છે.

‘We Got You Girl’ માત્ર એક યુવતીની વાત નથી. આગળના એપિસોડમાં પ્રાચી શેવગાંવકર યુએનમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવાની તૈયારી કરતી જોવા મળે છે, જ્યારે તનુ પાંડે નામની ઉભરતી રેપર પોતાની પર્સનલ સ્ટાઇલ અને સ્ટેજ પ્રેઝન્સ શોધવાની સફર પર છે.

ટૂંકમાં કહીએ તો ‘DU Girlie to Corporate Girlie’ આજની છોકરી માટે એકદમ રિલેટેબલ કન્ટેન્ટ છે. કારણ કે કોલેજમાં ‘શું પહેરવું?’નો સવાલ હોય છે, જ્યારે કોર્પોરેટ દુનિયામાં સવાલ બની જાય છે ‘પોતાને કેવી રીતે રજૂ કરવું?’ અને આ શો એ જ જવાબને સ્ટાઇલ, કોન્ફિડન્સ અને થોડા મજેદાર મેકઓવર સાથે આપે છે. કોલેજની મસ્તી હવે બાજુ પર રાખો, લેપટોપ ખોલો અને તૈયાર થઈ જાઓ કારણ કે હવે સમય છે DU Girlieમાંથી Corporate Girlie બનવાનો! ●

બાબા નિરાલાનું સામ્રાજ્ય ફરી ખૂલશે

બોબી દેઓલની કારકિર્દીને જબરદસ્ત વળાંક આપનારી વેબ સિરીઝ ‘આશ્રમ’ હવે ચોથી સિઝન સાથે ફરી ધમાલ મચાવવા તૈયાર છે. પ્રકાશ ઝાની આ લોકપ્રિય ક્રાઇમ-ડ્રામા સિરીઝનું શૂટિંગ 22 ઑગસ્ટ 2026થી શરૂ થઈ ગયું છે. જયપુરમાં મુહૂર્ત સેરેમની સાથે શૂટિંગ શરૂ થયું અને મેકર્સે ક્લેપબોર્ડનો ફોટો શેર કરીને નવા અધ્યાયની શરૂઆતની જાહેરાત કરી. એટલે બાબા નિરાલાના ભક્તો ફરી એકવાર ‘જપનામ’ સાંભળવા તૈયાર થઈ જાય!

2020માં શરૂ થયેલી ‘આશ્રમ’ની કહાની એક એવા બાબા નિરાલાની આસપાસ ફરે છે, જે બહારથી ભક્તો માટે ભગવાન સમાન દેખાય છે, પરંતુ અંદરથી સત્તા, પૈસા, રાજકારણ અને ગુનાની દુનિયાનો ખેલાડી છે. ધર્મ અને અંધશ્રદ્ધાની આડમાં ચાલતી બાબાગીરી અને સત્તાના ખેલને સિરીઝમાં એવી રીતે રજૂ કરવામાં આવ્યો કે બાબા નિરાલાનું પાત્ર દર્શકોના દિમાગમાં છવાઈ ગયું. પહેલી અને બીજી સિઝન બાદ ત્રીજી સિઝન આવી અને હવે ચોથી સિઝનમાં જૂના પાત્રો સાથે કહાની વધુ રસપ્રદ બનવાની છે. બોબી ફરી બાબા નિરાલાના રોલમાં જોવા મળશે. આદિતિ પોહંકર પમ્મી અને ચંદન રોય સાન્યાલ ભોપા સ્વામી તરીકે પરત ફરશે. ત્રિધા ચૌધરી, પ્રીતિ સૂદ સહિતના અન્ય કલાકારો પણ પોતાની જૂની ભૂમિકાઓમાં જોવા મળશે. સાથે કેટલાક નવા ચહેરા પણ કહાનીમાં એન્ટ્રી કરશે.

સિઝન 4ની સંપૂર્ણ સ્ટોરી મેકર્સે હજુ જાહેર કરી નથી, પરંતુ સિઝન 3 પછીની ઘટનાઓને જોતા બાબા માટે મુશ્કેલીઓ વધવાની છે. પમ્મી હવે પહેલાં જેવી ભોળી નથી. બાબાની અસલીયત જાણ્યા બાદ તે તેની સામે લડવા માટે તૈયાર છે. સિઝન 3ના અંતમાં પમ્મી, ઉજાગર અને ભોપાની મદદથી બાબા સામે મહત્વના પુરાવા રજૂ કરવામાં આવ્યા હતા. હવે આ લડાઈ આગળ વધશે અને પમ્મી બાબાના સામ્રાજ્યને અંદરથી હચમચાવવાનો પ્રયાસ કરી શકે છે.

બીજી તરફ સૌથી મોટો ટ્વિસ્ટ ભોપા સ્વામી બની શકે છે. અત્યાર સુધી બાબાનો સૌથી વફાદાર માણસ ગણાતો ભોપા હવે પોતે આશ્રમની ગાદી પર નજર રાખે તો નવાઈ નહીં. એટલે ગુરુ અને શિષ્ય વચ્ચે જ



આ વખતે ‘આશ્રમ’માં માત્ર ગુરુ-ભક્તની વાત નહીં, પરંતુ ગાદી, સત્તા, બદલો અને દગાબાજીનો મોટો ખેલ જોવા મળી શકે છે!

અપકમિંગ

સત્તાની લડાઈ શરૂ થઈ શકે છે. બાબા જેલમાં હોવા છતાં તેની રમત પૂરી થઈ ગઈ છે એવું માનવું મુશ્કેલ છે. તે જેલની અંદરથી પણ પોતાના નેટવર્ક અને પ્રભાવનો ઉપયોગ કરીને આશ્રમ પર પકડ જાળવવાનો પ્રયાસ કરી શકે છે.

આમ એક તરફ બાબા પોતાની ગાદી અને સામ્રાજ્ય બચાવવા માટે ચાલ ચાલશે, બીજી તરફ પમ્મી બદલો લેવા તૈયાર છે અને ભોપા પોતાની સત્તા માટે અલગ રમત રમે તેવી શક્યતા છે. એટલે આ વખતે ‘આશ્રમ’માં માત્ર ગુરુ-ભક્તની વાત નહીં, પરંતુ ગાદી, સત્તા, બદલો અને દગાબાજીનો મોટો ખેલ જોવા મળી શકે છે.

હવે સવાલ એટલો જ છે બાબા નિરાલા ફરી પોતાની ગાદી પર બેસશે કે પમ્મી તેનો ખેલ ખતમ કરશે? અને જો ભોપા જ ગાદી માટે ગુરુ સામે ઊભો થશે તો બાબા તેની સાથે શું કરશે? આ સવાલોના જવાબ માટે ‘આશ્રમ 4’ની રાહ જોવી પડશે. એક વાત તો નક્કી છે–આ વખતે ‘જપનામ’ની સાથે સસ્પેન્સ, બદલો અને સત્તાની ગેમ પણ જોરદાર રહેવાની છે! ●